સુવિચાર : જિંદગીમાં કેટલી પળો છે તેનો વિચાર કરવા કરતાં, દરેક પળમાં કેટલી જિંદગી છે તે જાણીએ અને માણીએ - હંસલ ભચેચ

તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૪૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૬, શનિવાર ; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઠંડીમાં ગરમા ગરમ સાત્ત્વિક અને સ્વાદિષ્ટ રજવાડી ખીચડી*

શિયાળાની શરૂઆત સાથે જ સ્વાદસભર મેનુમાં મજેદાર વાનગીઓનું આગમન...!
આવો, એકવાર ચાખી જુઓ..





ખીચડી ક્રિસ્પી પકોડા કઠોળ

*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ

અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
we know your taste!
pooja PARLOUR
પૂજા પાર્લર
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162
મો. : 99099 46466

# જાકાર્તા સિરિયલ બ્લાસ્ટથી હચમચી ઉઠ્યું

**સાતના મોત આશરે ૧૪ જેટલા ત્રાસવાદીઓએ હુમલાને અંજામ આપ્યો : કેટલીક જગ્યાએ ગોળીબાર હજુ જારી : વિદેશી કાર્યાલય, દૂતાવાસને ટાર્ગેટ કરી હુમલા કરાયા**



જાકાર્તા,૧૫
ઈન્ડોનેશિયાનું પાટનગર જાકાર્તા પણ આતંકવાદી હુમલાથી હચમચી ઉઠ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર જાકાર્તામાં સવારે કેટલીક જગ્યાએ સિરિયલ બોંબ બ્લાસ્ટ થયા હતા અને ગોળીબાર પણ કારાયો હતો. કેટલીક જગ્યાએ હજુ પણ ગોળીબાર જારી હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ વિસ્ફોટો અને ગોળીબારમાં હજુ સુદી સાત લોકોના મોત થયા અહેવાલ મળ્યા છે. આશરે ૧૪ બંદૂકધારીઓ શહેરમાં ઘુસી આવ્યા અને બોંબ વિસ્ફોટો અને ગોળીબાર શરૂ કરી દીધો હતો. જાકાર્તામાં થયેલા વિસ્ફોટો અને ગોળીબારમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે જ્યારે એક કેફેની સામે ગોળીબાર થતાં હોવાના અવાજ પણ સાંભળવામાં આવી રહ્યા છે. જાકાર્તામાં યુએન ઓફિસ સહિત કેટલીક જગ્યાએ એક પછી એક ધડાકા થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૪ આતંકવાદીઓને આ વિસ્ફોટોને અંજામ આપ્યો હતો અને ખુલ્લેઆમ ગોળીબારી કર્યો હતો. જાકાર્તામાં કુલ સાત વિસ્ફોટોમાં હજુ સુધી સાત લોકોના મોત થઈ ચુક્યા છે. ભોગ બનેલા લોકોમાં ચાર પોલીસ જવાન અને ચાર સામાન્ય લોકોનો સમાવેશ થાય છે. મળતી માહિતી પ્રમાણે એક બોંબ વિસ્ફોટ જાકાર્તાના મધ્ય વિસ્તારમાં સંયુક્ત રાષ્ટ્ર ઓફિસની બહાર થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ૧૦થી ૧૪

● અનુસંધાન પાના - ૭ પર





# ગાંધીનગરના રાંધેજામાં સ્વાઈન ફ્લુના દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામેથી મળેલ સ્વાઈન ફ્લુ પોઝીટીવ ધરાવતા દર્દીનું આજે વહેલી સવારે સારવાર દરમ્યાન મોત થતાં આરોગ્ય તંત્રમાં સોંપો પડી ગયો છે.

મળતી વિગતો પ્રમાણે ત્રણ દિવસથી આ દર્દી ખાનગી હોસ્પિટલમાં અમદાવાદ ખાતે સારવાર હેઠળ હતો. આ દર્દીને ડાયાબીટીસ પણ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી પ્રથમ મોત થતાં આરોગ્ય વિભાગમાં સોંપો પડી જવા પામ્યો છે. ૪૦ વર્ષીય આ યુવાન ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. આ યુવાનના મોતને પગલે રાંધેજા ગામમાં પણ ગમગીનીનું વાતાવરણ છવાઈ જવા પામેલ છે.



## ઉત્તરાયણને વિદાય

વર્ષો પછી ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બંને દિવસ વરુણ દેવે માનવો ઉપર મહેરબાની વરસાવી ને પતંગપ્રેમીઓમાં આનંદ વ્યાપી ગયો. ઉત્તરાયણે પૂરો દિવસ અને વાસી ઉત્તરાયણે બપોર પછીનો માહોલ આકાશ માટે પતંગોથી ભરપૂર ને રંગબેરંગી રહ્યો. વાસી ઉત્તરાયણની સાંજે થાકીને આથમી રહેલા સૂરજદાદાને કપાઈ ગયેલા પતંગે છેલ્લી વિદાય આપી ને આવતી સાલ ફરી મળવાનું વચન આપ્યું હતું.

(તસવીર : કુંતલ નિમાવત)

# બજેટ પહેલા શેરબજાર વધુ મજબુત બને તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૧૫
ફેબ્રુઆરીના અંતમાં રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટ પહેલા શેરબજારમાં તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે કારોબારીઓ હાલ સાવધાનીપૂર્વકનુ વલણ અપનાવવા તૈયાર છે. બજેટમાં લેવામાં આવનાર પગલા પહેલા હવે કોઈ મોટા સાહસ કરવા કારોબારીઓ ઈચ્છુક નથી. જાણકાર નિષ્ણાંત અને કારોબારીઓએ કહ્યું છે નિષ્ણાંતોએ કહ્યું છે કે આ સપ્તાહમાં માર્કેટ તેની વર્તમાન રેંજમાં રહે તેવી શક્યતા છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સામાન્ય લોકો બજેટમાં કયા પગલા લેવામાં આવે છે તેના પર નજર રાખી રહ્યા છે. કોઈ પણ તીવ્ર તેજીના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. પરંતુ બજારમાં હાલ નવી આશા છે.

વિદેશી મુડીરોકાણકારો ભારે આશાવાદી છે. કેન્દ્રમાં મોદી સરકાર સુધારાલક્ષી અને વિકાસલક્ષી બજેટ રજૂ કરશે તેમ માનવામાં આવે છે. બજેટ રજૂ કરતા પહેલા તમામ વૈશ્વિક પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે. હાલ સુધારા પ્રક્રિયા ચાલી રહી છે તેને ઝડપી કરવાના પગલા લેવામાં આવી શકે છે. નાણાં પ્રધાન જેટલી આનો કેટલીક વખત સંકેત પણ આપી ચુક્યા છે. વિકાસને વેગ આપવા કેટલીક નવી પહેલ બજેટમાં થઈ શકે છે.હાલમાં શેરબજારમાં તેજીનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. શુક્રવારે છેલ્લા કારોબારી સેશનમાં તેજી જારી રહી હતી. શેરબજારમાં વર્ષ ૨૦૧૫માં નિરાશાજનક સ્થિતી રહી છે. આવી સ્થિતીમાં શેરબજાર પણ કેટલાક પગલાને લઈને આશા રાખે છે.

# પાટીદાર આંદોલનનું સમાધાન હાથવેંતમાં

**ઉમિયાધામ સિદસરના ટ્રસ્ટી જયરામભાઈ પટેલે સમાધાનના પ્રયાસોને સમર્થન આપ્યું : સરકાર અને આંદોલનકારો હકારાત્મક વલણ ધરાવે છે તેથી એકાદ અઠવાડીયામાં આંદોલન સમેટાશે**

ગાંધીનગર, તા. ૧૫
છેલ્લા છ મહિનાથી ગુજરાત સરકાર અને ભાજપ માટે શિરદર્દ બનેલ પાટીદાર આંદોલનનું સમાધાન હવે ગણતરીના દિવસોમાં થઈ જશે એમ મનાય છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે આજે વિસનગરથી સૂરત લઈ જવાયા તે સમયે મિડીયા સાથે વાત કરતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, હું સમાધાન માટે તૈયાર છું. સિદસરનાં ઉમિયા ધામના ટ્રસ્ટી જયરામ પટેલે પણ ટેલિવિઝનની એક ચેનલને વાતચીતમાં જણાવ્યું હતું કે સરકાર અને આંદોલનકારો બન્ને સમાધાન કરવા તૈયાર છે. સરકારનો પણ હકારાત્મક અભિગમ છે અને આંદોલન સમિતિના અગ્રણીઓ પણ સમાધાન કરવા તત્પર બન્યા છે. છેલ્લા પંદર દિવસમાં પાટીદાર સમાજના આગેવાનોની મુખ્યમંત્રી સાથેની બંધબારણે મળેલી બેઠકોમાં પોલીસ કેસો પાછા ખેંચવાની તથા ૧૪ અગ્રણીઓને



જેલમુક્તિ માટે સમજુતી સધાઈ છે. આ સામે પાટીદારોને શિક્ષણ માટે કેટલીક વિશિષ્ઠ જોગવાઈઓ કરવાનું પણ સરકારની વિચારણામાં છે. શ્રી જયરામભાઈ પટેલે એમ પણ ઉમેર્યું હતું કે, અમે મુખ્યમંત્રીને અને હાર્દિક પટેલને ત્રણ - ત્રણ વખત મળ્યા છીએ અને બંને પક્ષે સમજુતી સધાય એવા અમારા પ્રયત્નો સફળ થઈ રહ્યા છે એમ અમને લાગી રહ્યું છે.

પાટીદાર સમાજના આગેવાનોની સમજાવટને પગલે રેશ્મા પટેલે આમરણાંત ઉપવાસ પણ છોડ્યા હતા. આ ઉપરાંત ૩૮૪ કેસ પાછા ખેંચાયા છે. આજકાલમાં ૧૦૦થી વધુ કેસ પાછા ખેંચાશે અને છેલ્લા તબક્કામાં હાર્દિક પટેલ સહિત ૧૪ જેટલા કન્વીનરોની જેલમુક્તિ માટેનો તખ્તો ગોઠવાયો છે. આમ ઘીના ઠામમાં ઘી પડશે અને પટેલ સમાજ ફરીથી એક બની રાજકીય શક્તિ પૂરવાર કરશે એમ પટેલ આગેવાનો માને છે.

ધો.-૧૦ના વિદ્યાર્થીઓ માટે
Free
For English & Gujarati Medium students
Special માર્ગદર્શન



- પેપર પ્રેઝન્ટેશન
- ધો.-૧૦ પછી શું ?
- બોર્ડની પેટર્ન પ્રમાણેનો પેપરસેટ મફત.
- સ્પેશ્યલ ગીફ્ટ : સ્વમૂલ્યાંકન દ્વારા ઉત્તમ પરિણામ માટે સ્માર્ટ ગુરૂ સોફ્ટવેર સીડી (૧૫ ટેસ્ટ)
- After 10th Which Board is better... CBSE or STATE Board ?

તારીખ- 17/01/2016 (Sunday) સમય: 9.30 a.m. to 11.30 a.m.
સ્થળ:- ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
ઇન્ફોસિટી કોમ્પ્લેક્ષ, સેક્ટર-2-Aની સામે, ઘ-૦ પાસે, ગાંધીનગર.
સંપર્ક:- (079) (23213032 / 33, (M) 84011 49185)

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

આપણાં શહેરની મધ્યમાં
આયુર્વેદીક દવાઓ
બધી જ પ્રખ્યાત આયુર્વેદીક કંપનીઓની દવાઓ મળશે
Dabur ZANDU SANDU Himalaya Baidyanath NAGARJUNA PATANJALI Charak
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ MNM WELL CARE ☎079-23241415 SUNDAY CLOSE
સેક્ટર-૬, ભુવનેશ્વર મહાદેવનાં મંદિરની સામે, ગાંધીનગર